કામનું નામ:- મોરબી જિલ્લામાં વી.વી.આઈ.પી. પ્રોગ્રામને લગત મંડપ, ડેકોરેશન, ફર્નિચર, જર્મન ડોમ તેમજ આનુષાંગિક કામગીરી એટ મોરબી. (૧૨ માસ)

## પ્રિ-કવોલીફીકેશન માટે અપલોડ કરવાના દસ્તાવેજોની વિગત

| અ.નં. | દસ્તાવેજોની વિગત |
|---|---|
| ૧ | જીએસટી રજીસ્ટ્રેશનની નકલ |
| ૨ | છેલ્લા એક વર્ષના જીએસટી રીટર્ન અને ચલણ ની નકલ |
| ૩ | ગુમાસ્તાધારા હેઠળ દુકાન / પેઢીની નોંધણીની નકલ |
| ૪ | પાન કાર્ડની નકલ |
| ૫ | આદરણીય વડાપ્રધાનશ્રી/મહામહીમ રાષ્ટ્રપતિશ્રીના છેલ્લા ૫ (પાંચ) વર્ષમાં ઓછામાં ઓછા ૧ (એક) કાર્યક્રમ કરેલ હોવુ જરૂરી છે તેમજ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં આદરણીય વડાપ્રધાનશ્રી અને મહામહીમ રાષ્ટ્રપતિશ્રીના વિશિષ્ટ પ્રોગ્રામમાં જર્મન / એલ્યુમીનીયમ ડોમનો ઉપયોગ કરી પુર્ણ કરેલ હોય તેવા પ્રત્યેક રૂા.૮૦.૦૦ લાખનું એક કામ એવા ૦૩ (ત્રણ) કામોની (સરકાર માન્ય) ની વિગત દર્શાવતું ૩-એ પ્રમાણપત્ર/ફાઈનલ બીલની નકલ તેમજ વર્ક ઓડરની નકલ સામેલ રાખવી. |
| ૬ | છેલ્લા નાણાંકીય પાંચ વર્ષ પૈકી કોઈપણ એક વર્ષમાં ૨.૦૦ કરોડ કે તેથી વધુ રકમનું ટર્નઓવર જરૂરી છે. નાણાંકીય ક્ષમતા દર્શાવતાં છેલ્લા પાંચ વર્ષના ચાર્ટડ એકાઉન્ટન્ટનનાં ટર્નઓવરનાં સર્ટીફીકેટની નકલ રજુ કરવાની રહેશે. |
| ૭ | સદર કામમાં બાનામુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહિં. રૂા.૨.૦૦ લાખનો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા રાષ્ટ્રીયકૃત બેંકની એક.ડી.આર. ઓછામાં ઓછી ૬ માસની કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, મોરબીના નામે પ્લેઝ કરવાની રહેશે. ૬(છ) માસથી ઓછા સમયની બાનાની રકમ સ્વિકારવાપાત્ર રહેશે નહી. આ કામ માટે સ્વીકૃતિ પત્ર મળ્યેથી દિન-૨ માં સીકયુરીટી ડીપોઝીટ તાત્કાલીક ભરવાની રહેશે. જેથી કામ શરૂ કરવાનો આદેશ આપી શકાય. |
| ૮ | ટેન્ડર ફ્રી પેટે રૂા.૩૬૦૦.૦૦ રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, મોરબીના નામનો રજુ કરવાનો રહેશે. |
| ૯ | રૂ!.૪૦,૦૦,૦૦૦/- ની તા.૦૧/૦૧/૨૦૨૫ કે એના પછી ઈસ્યુ થયેલ રાષ્ટ્રીયકૃત બેંકની કે સરકાર માન્ય શીડયુલ બેંકની બેંક સોલવંશી સર્ટીફીકેટની નકલ મોકલવાની રહેશે. |
| ૧૦ | મંડપ સર્વિસ તેમજ ફર્નીચરને લગત કેટલો માલ સામાન ધરાવે છે તેની વિગત દર્શાવતાં પત્રક ની નકલ રજુ કરવાની રહેશે. |
| ૧૧ | પોતાના નામનો એલ્યુમીનીયમ જર્મન ડોમની માલિકી અંગેના આધાર પુરાવાઓ. (બિલ ની નકલ ૦૨ (બે) આધાર પુરાવા રજુ કરવા) |
| ૧૨ | પૂર્વ ઈતિહાસ સ્વચ્છ છે, નાણાંકીય સંસ્થાના ડીફોલ્ટર નથી, પોલીસ / કોર્ટ રેકર્ડ પર કેસ નોંધાયેલ નથી, આ પ્રકારની કામગીરી અંતર્ગત કાળીયાદી માં મુકાયેલ નથી તે અંગેનું રૂા. ૩૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર ફોટા સહીતનું સોગંદનામું. |

| | |
|---|---|
| ૧૩ | તાંત્રિક કુશળતા અન્વયે ઈજારદાર પાસે તાંત્રિક કર્મચારીઓની વિગત દર્શાવતું પત્રક |
| ૧૪ | કરવાના થતાં કામોનો વર્ક પ્રોગ્રામ અલગથી તૈયાર કરી ટેન્ડર સાથે બીડવાનો રહેશે. |
| ૧૫ | ઓનલાઈન રજુ કરેલ દસ્તાવેજોના આધારે જ પુર્વ પાત્રતા (પ્રિ-કવોલીફીકેશન) નકકી કરવામાં આવશે. |
| ૧૬ | આ સાથે જોડેલ શરતો મે / અમોએ બરાબર વાંચી અને સમજી છે અને અમોને આ શરતો મંજુર છે તેની સંમતી દર્શાવતી સહી શરતોની નીચે કરવાની રહેશે અને પુર્વ પાત્રતા બીડની સાથે બીડવાની રહેશે. |
| ૧૭ | ટેન્ડરમાં ભાવો તમામ ટેક્ષ સાથેનાં ભરવાનાં રહેશે, અલગથી કોઈ ટેક્ષ ચુકવવામાં નહીં આવે. ફકત જી.એસ.ટી. જ અલગથીએ ચુકવવામાં આવશે અન્ય ટેક્ષ ઈજારદારશ્રીને અલગથી ચુકવણું કરવામાં આવશે નહી. |
| ૧૮ | ભાવ મંજુર થયાની તારીખથી ૧૨ (બાર) માસ માટે અમલમાં રહેશે. |
| ૧૯ | સબબ કામમાં મંજુર થયેલ વાર્ષિકભાવ અન્વયે જરૂર પડેથી કામવાઈઝ દરેક પ્રોગ્રામનો અલાયદા સક્ષમ કક્ષાએથી તાંત્રિક મંજુરી, ડી.ટી.પી. મંજુરી લઈ ઈજારદારશ્રીને કામનો વર્ક ઓડર ઈસ્યુ કરવામાં આવશે. |

નોંધ :- ઉપરોકત તમામ દસ્તાવેજો ઓનલાઈન સ્કેન કરી ફરજીયાત મુકવાના રહેશે, તેમજ ઓનલાઈન મુકેલ તમામ દસ્તાવેજો પ્રિ કવોલીફીકેશન ખોલવાની તારીખથી ૦૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી.થી અત્રેની કચેરીમાં રજુ કરવાનાં રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો અને ઉપરોક્ત તમામ દસ્તાવેજો ઓનલાઈન સ્કેન કર્યા સિવાયનાં ટેન્ડર ગણતરીમાં લેવામાં આવશે નહી, જેને રદ બાતલ ગણવામાં આવશે. જેની ખાસ નોંધ લેશો. આ કામની પુર્વ પાત્રતા પ્રિ-કવોલીફીકેશનમાં સફળ થયેલ ઈજારદારના (પ્રાઈસબીડ) ખોલવામાં આવશે. પુર્વ પાત્રતા અંગેનો આખરી નિર્ણય કમીટી / સક્ષમ અધિકારીશ્રીનો અબાધિત રહેશે.

ઈજારદારશ્રીની સહી

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
મોરબી